- શિક્ષકોની હકારાત્મક વિચારધારા નવાચારની વિવિધ પ્રવૃત્તિઓને વધુને વધુ સાકારિત કરે છે, સાથે વિદ્યાર્થીઓમાં તે નવાચારથી મહત્તમ પરિવર્તન મેળવવામાં પણ મદદરૂપ બને છે, આ Teacher's Team ની સક્રિયતા પણ શાળાના વધુ સરળ વ્યવસ્થાપનમાં ભાગ ભજવી રહી છે.
- વિવિધ NGO, સરકારી કચેરીઓ, જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, આસપાસની સોસાયટી રહીશો પાસેથી અન્ય ક્ષેત્રોમાંથી ખૂબ સારો સહકાર સાંપડે છે.
- શાળાની વિવિધ પ્રવૃત્તિઓને સમજ સુધી પહોંચાડવામાં સક્રિય ભાગીદારી નિભાવતા મિડીયા-ચેનલના વિવિધ માધ્યમો, વર્તમાન પત્રોનો ખૂબ સારો સહયોગ પ્રાપ્ત થાય છે.
- ટૂંકમાં કહું તો શાળાને ઉન્નતિના શિખરો સર કરાવવા માટે આયોજિત દરેક કાર્યમાં જેઓ પોતાનું યત્કિંચીત યોગદાન આપનાર સર્વે વ્યક્તિઓ અને સંસ્થાનો નારાયણ વિદ્યાલય પરિવાર વતી સહૃદયે આભાર માનું છું અને ભવિષ્યમાં પણ આપ સૌનો આવો જ સહકાર પ્રાપ્ત થતો જ રહેશે તેવો કલ્યાણ કારી ભાવ વ્યકત કરૂ છું.

નારાયણ ધ્વનિનો આ અંક વાંચનાર સર્વે માટે ફળદાયી બની રહી જીવન માટેના નવા આયામો અને નવી દિશાઓ ખોલશે તે આશા સહ...........

| **શ્રી જિજ્ઞેશભાઇ જોષી** | **શ્રીમતી બિનીતાબેન ગોહીલ** | **ડૉ. ભગુભાઈ આઇ. પ્રજાપતિ** |
|---|---|---|
| આચાર્ય (નોનગ્રાન્ટેડ વિભાગ) | આચાર્યા (ગ્રાન્ટેડ વિભાગ) | ડાયરેકટરશ્રી |

## ખુદ ને કયાં હું મળ્યો છું ?

આ જગ ભમ્યો હું જીતી જ ગયો,
ખુદ ને કયાં મળ્યો છું ?

આ દુનિયાની દુનિયાદારી શીખી જ ગયો,
ખુદ ને કયાં મળ્યો છું ?

આ પ્રણયની વાતો રડી પડેલો,
ખુદ ને કયાં મળ્યો છું ?

આ જગતમાં રડતા રડતા હસી જ ગયો,
ખુદ ને કયાં મળ્યો છું ?

આ સ્વપ્નની આંટીઘૂટી પાર કરી ગયો,
ખુદ ને કયાં મળ્યો છું ?

આજે વિરહની ક્ષણે પણ હસી પડયો,
હું ખુદને કયાં મળ્યો છું ?
હજી સુધી હું ખુદને કયાં મળ્યો છું ?

**- પ્રિયાંશી ટંડેલ 'પુકાર'**
**ધો. (૧૦-બી)**

**કોશિશ કર હલ નિકલેગા,**
**આજ નહીં તો કલ નિકલેગા,**
**અર્જુન સા લક્ષ્ય રખ, નિશાના લગા,**
**મરુસ્થલ સે ફિર જલ નિકલેગા,**
**મહેનત કર, પૈધે કો પાની દે,**
**બંજર મેં ભી, ફિર ફૂલ નિકલેગા,**
**તાકત જુટા, હિમ્મત કો આગ દે,**
**ફૌલાદ કા ભી બલ નિકલેગા,**
**સીને મેં ઉમ્મીદો કો જિંદા રખ,**
**સમંદર સે ભી ફિર ગંગાજલ નિકલેગા,**
**કોશિશેં જારી રખ, કુછ કર ગુજરને કી,**
**જો કુછ થમા થમા હૈ, ચલ નિકલેગા.**